શ્રી નવીન

ઊમાદેવડી નાટકનાં ગાયનો

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત.

શ્રી દેશી નાટક સમાજને માટે.

રચી પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી. દાહ્યાભાઈ ધોળશાજી.

માજી સંસ્કૃત શિક્ષક મિશન હાઈસ્કુલ-અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.

"સમશેર બાહાદુર" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કિમ્મત રૂ. ૦—૨—૦ (બે આના)

શ્રી નવીન

ઊમાદેવડી નાટકનાં ગાયનો

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત.

શ્રી દેશી નાટક સમાજને માટે.

રચી પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી. ડાહ્યાભાઇ ધોળશાજી.
માજી સંસ્કૃત શિક્ષક મિશન હાઇસ્કુલ-અમદાવાદ

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.
"સમસેર બાહાદુર" પ્રેસમાં છાપ્યું.
સંવત ૧૯૫૪ સને ૧૮૯૮
કિમ્મત રૂ. ૦—૨—૦ (બે આના)

श्री परमात्मने नमः

श्री 'ઉમા દેવડી' નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

મંગલાચરણ.

પ્રવેશ ૧ લો—નાગોરનો કુમાર હમીર પોતાના દોસ્તદાર દિલ્હિના બેહેવરખાન તથા ખવાસ જેશાજી સાથે શિકારમાં નિકળ્યો છે; પોતે હરણો પાછળ આગળ નિકળી આવે છે; હરણો હાથ લાગતાં નથી; કંટાળી થાકી સુઇ રહે છે. પાસે એક બ્રહ્મણી ચાર વાઢે છે. અચાનક બ્રાહ્મણીનો વર ટેકાઓ ભાટ દેશાવરથી ભટકતો આવી પહોંચે છે, હમીરના શરીર ઉપર દાગીના જોઇ બ્રામણીના ધાનત બગડે છે. સુતો ઠાર કરવાની પેરવી કરે છે. સદાચારી બ્રાહ્મણ રોકે છે. હમીર જાગી જાય છે. બ્રહ્મણને ખડીઓ આપી વિદાય કરે છે. દેશાવરના સમાચાર પૂછતાં શીરોહની બાંખી નાયકા અને દેવડા રજપૂત રાજા સાગતસિંહની પુત્રી ઉમાદેવડીની વાત નિકળે છે. હમીરનું ચિત્ત દેવડીમાં લાગે છે. બ્રામણને દક્ષણામાં ચાર હીરા આપી વિદાય કરેછે.

પ્ર. ૨ જો—બેવરખાન અને જેશાજી ખવાસ હમીરની ખોળમાં. પ્રેમ પગથીએ ચઢેલો હમીર. જેશાજી તરફથી દેવડીના સ્વરૂપની યાદી. દોસ્તોને તાકીદે શીરોહ જઇ ઉમાદેવડી

થી વિવાહ મેળવવાની સૂચના. બેરરખાન તથા જેશળ શીરોઇ જવા નિકળ્યા છે. જાતેજ જોઇ પછી વિવાહ મેળવવા હમીરનો ફરી જતો વિચાર. પોતેજ શીરોઇ જવા છડીસ્વારીએ નિકળી પડે છે.

પ્ર. ૩ જો—જેકોર બ્રાહ્મણી, છોકરો શવશો, રોટલાની મારા મા ર૦ લ્હેણદાર પોચા શેઠને તેમનો છોકરો પુંજીઓ, તગાજો; ખડીઆમાંથી નિકળેલો હુંડી દબાવવા હરામી શેઠનો વિચાર; બ્રાહ્મણનું આવી ખ્હોચવું; હીરો પડાવવા શેઠનો પ્રપંચ અને પાપનું પાપનેજ ખાવું. બ્રાહ્મણ હીરા વટાવવા શીરોઇ જવા નિકળે છે.

પ્ર. ૪ થો—રૂમાદેવડી બગીચામાં હમીર છુપો. ગરબો. સાહેલીઓનું ટીખળ; ભમરો કુંવરીને ગભરાવે છે; હમીર નિકળી બચાવે છે; પ્રથમ દર્શન અને પ્રેમની શરૂઆત.

પ્ર. ૫ મો—હીરા વેચવા નિકળેલો ટેભીઓ ભટ, અને બીખી નામકાની દાસી. શિવપૂજન સારૂ આવેલી બીખી. ધાનતભ્રષ્ટ નાયકા દાસીની શિખામણથી હીરા પચાવવાની પેરવી કરે છે. જેશળની ખોળમાં હમીર. બીખી હમીરને જોતાંજ આશક પડે છે. દાસીઓને હમીરને બોલાવી લાવવા મોકલે છે.

પ્ર. ૬ ઠો—જેશળ, બ્હેરવરખાન; બ્હેરખાન બીખીને ત્યાં ઉતારા સારૂ જાય છે. હમીરને અચાનક શીરોઇમાં જોઇ જેશળ ચમકેછે. હમીરને જેશળની ચઢા ઉતરી, હમીર જેશળને તમાચો મારે છે, ઝ્હેરની ધુનમાં જેશળ ચઢી જાય છે. બીખીની દાસી હમીરને તેડી જાય છે. બાજી જેશળને બનાવી દેવડી પાસે મોકલે છે.

પ્ર, ૭ મો—ઉમા દેવડી અને સખીઓ; દેવડીના પિતા સામંતસિંહ વર સબંધી વિવાદ કરે છે. જેશળ પ્રેમ બતાવે છે. હમીરને નાળીએર મોકલવું. જેશળનો તિરસ્કાર.

પ્ર. ૮ મો—ટેલીઓ હીરાની કિમ્મત લેવા; દાસી; બીબી વાદ વિવાદ. ટેલીઆને ધક્કા. જેશળ નાળીએરવાળા ભટને મળે છે. નાળીએર પોતે લે છે. છ માસનો વાયદો કરી ભટને વિદાય કરે છે.

પ્ર. ૯ મો—બેવરખાન બીબીને ત્યાં; મજરો; હમીર આવે છે. મજરો ચાલુ; બન્ને દોસ્ત સુએ છે. કપટી જેશળ; હમીર ઉપર ઘા કરે છે, બેવરખાન જાગી જાય છે, જેશળ બેવરખાન ઉપર ખુનનો આરોપ. ઢોળી પાડે છે, હમીરને બેવરખાનની તકરાર. જુદા પડવું.

પ્ર. ૧૦ મો—હીરાની હાયવાયમાં ગાંડા ટેલીઓ ભટ. દેવડી સાથે મેળાપ. હીરા કઢાવવાની તજવીજ.

પ્ર, ૧૧ મો—બીબીને બંગલે હમીર; લોભાવવા બીબીનાં ફાંફાં. ઉમાદેવડી. યુક્તિથી હીરા અપાવવા. બીબીને દેશવટો.

અંક ૨ જો.

પ્ર. ૧ લો—મહંતનો મઠ. ગુરૂ ચેલાઓનો સંવાદ; જેકોર આણી શલા સાથે ટેલીઆની ખોળમાં. હમીર અને જેશળ ઉમાદે સબંધી વાતચિત; જાસુસ; દિલ્લિ જવા તાબડતોબ નિકળવું. સામતસિંહ વળાવવા. મહંતનું ડગુમગુ ચિત્ત.

પ્ર. ૨ જો—સામંતસિંહનું દેવળમાં બેસવા જવું. દેવળનું માજ

વીજમાં ભાગી પડવું મહંત હાથખેંચી સામતસિંહને બચાવી લે છે. સામંતસિંહ મહંતને ખુશી થઇ વચન આપે છે.

પ્ર. ૩ જો—ટેલીઓ દિલ્લિ જવા. મહન્ત શું વચન માગવું તે વિચારમાં. દેવડી સખીઓ સાથે સામંતસિંહની શોધ માં. મહંતને પુછવું. સાહેલીઓનુ ટોળ. ફરેલ બુદ્ધિનો મહંત, વચનમાં ઉમા દેવડીનો હાથ માગવા ઠરાવ.

પ્ર. ૪ થો—સામંતસિંહની કચેરી. મહન્તની માગણી. વિવાદ.સામંતસિંહ વચન નિભાવવા વળગી રહે છે.

પ્ર. ૫ મો—વિરહમાં ઉમા દેવડી, રાણી મહંતની માગણી ઉમા દેવડીને જાહેર કરે છે. મા, દીકરી અને બાપનો સંવાદ. ઉમા દેવડીની આંટી ઉકેલવાની યુક્તિ.

પ્ર. ૬ ઠો—મઠ. વિષયાન્ધ મહંત. કામ શાસ્ત્રના અભ્યાસમાં, દેવડી માલણ વેશે, છળવાનો પ્રપંચ. દેવડીને દીકરીસમાન ગણવાનું મહંતનું વચન અને લખત. સામંતસિંહ દિવાન અને દેવડી સાથે. માલણના મોહમાં લપટાએલ મહંત દેવડીને દીકરી પેઠે ગણી સામંતસિંહને વચનથી છુટો કરે છે. ભેદનું ખુલવું. મહંતનો પસ્તાવો અને દેવડી પાસે માફી.

પ્ર. ૭ મો—જેકોરને શવલો કુવા ઉપર જંગલમાં; હમીરને જેશળ. જેશળ હમીરને કુવામાં હડસેલી મુંકે છે, જેકોરને ઠગી ફાંસી દે છે. છોકરો હમીરને કાઢે છે, જેશળ કપટથી ફેરવી વાળે છે હમીર છોકરાને સાથે રાખે છે.

પ્ર. ૮ મો-દિલ્લિમાં બેવરખાનની મદદથી બાદશાહની માનીતી થઇ પડેલી બીબી. બેવરખાં હમીરને દિલ્લિમાં આવવા

ની ખબર આપે છે, ભીખીનો જુનો હમીર તરફનો સ્નેહ. દાસી મારફત ચિઠ્ઠિ, ભીખી ઉપર આશક પડેલા બુઢા વજીર. વજીરની બનાવટ.

પ્ર. ૯ મો—હમીર, જેશળ, શવલો, ભીખીની દાસી, ચિઠ્ઠિનું અપમાન; ભીખી જાતે હમીર પાસે; વિવાદ; હમીર પાસે સાત સલામો ભરાવવાની ભીખીની ધમકી. જેશળ બેત્રખાન માટે કાન ભંભેરી તેનું ખુન કરવા હમીરને તેડી જાય છે.

પ્ર. ૧૦ મો—હીરાવાળો ટેલીઓ અને વજીર; હીરા પચાવવા.વજીરના ભીખીને હીરા ભેટ કરવાના હવાઇ વિચાર

પ્ર. ૧૧ મો—બેવરખાનના ખુનની તઇયારી. બેવરખાનને હમીર જગાડે છે, બે દોસ્તોનો વિવાદ. બાદશાહને ત્યાં પુત્રજન્મની ખુશાલીની કચેરી માટે નોબત. કચેરીમાં જઇ આવ્યા પછી વ્હેમ ટાળવાનું બેત્રખાન હમીરને વચન આપે છે.

પ્ર. ૧૨ મો—વજીર ભીખીને હીરાની ભેટ કરે છે.

પ્ર. ૧૩ મો—બાદશાહની કચેરી. ભીખીનો મજરો, બાદશાહ ખુશી થઇ ભીખીને વચન માગવા કહે છે, ભીખી હમીરને સાત સલામો ભરાવવા માગે છે. હમીરની હઠ, બાદશાહ હમીરને ગરદન મારવા તૈયાર થાય છે. બેત્રખાન જામીન થઇ માસની મુદત માગે છે. મુદત પછી હમીર વચન પૂરૂ ન કરે તો એક માથાને બદલે બન્ને દોસ્તોનાં માથાં જાય એવી કબુલત કરે છે, બાદશાહ મુદત આપે છે. નાચ.

અંક ૩ જો.

પ્ર. ૧ લો—-ઉમાદે વિરહમાં સખીઓ સાથે; કાગળ લખે છે. જે
શળ હમીરના સમાચાર સાથે, સામંતસિંહ; દેવડી હ
મીરને બચાવવા દિલ્હી જવા ચંએલી દાસી સાથે નિ
કળે છે.

પ્ર. ૨ જો—હમીર દેવડી વિષે વિચારમાં ગમગીન. ખેવરખાં ધીર
જ આપે છે. જેશળ આવી બળતામાં ઘી હોમે છે.
સંસાર ઉપર હમીરની વિરાગવૃત્તિ.

પ્ર. ૩ જો—વજીરનું ઘર. હીરાવાળા ભટ પાસેથી પરાણે કપટથી
પહોંચ લખાવી લેવી, દેવડી ચંએલી સાથે વજીરના જુ
ના દોસ્ત ચીનના દિવાનના છોકરાને વેશે વજીરને મળે છે.

પ્ર. ૪ થો—બાદશાહ. હમીરને સજા માટે વિમાસણમાં, વેશ બદ
લેલ દેવડી બાદશાહની મુલાકાતે. હીરાવાળો ગાંડો. બા
દશાહ બ્રાહ્મણને ગાંડો ગણી હસી કાઢે છે દેવડી ભેદ
ભાગવાનું માથે લે છે. ઇનસાફના આસન માટે એક દીવ
સની માગણી. બાદશાહની મંજુરી.

પ્ર. ૫ મો—ભીખીને ત્યાં વજીર. હીરાની ભાંજગડ, દેવડીની નિશા
ન નોંધવાની ચતુરાઇ એ હીરા કઢાવી લેઇ જવાની યુકિત

પ્ર. ૬ ઠો—શવલો અને જેશળ, દેવડી, જેશળનું પોગળ વેરાવું
બાપ દીકરાનો મળાપ, વેશ બદલેલ દેવડી અને હમીર,
ભીખી સામે પુરાવાની માગણી, પુરાવામાં ચિઠ્ઠિ, ખેવર
ખાનની સાચી દોસ્તી

પ્ર. ૭ મો—ન્યાયાસન, દેવડી ચીનના દિવાનના છોકરાને વેશે
ઇનસાફ કરે છે, હીરાવાળાનો ઇનસાફ. વજીરનું ફસાવું

ભીખી સપડાય છે, વચનની માગણી. હમીર પાસે યુક્તિથી વચન પુરૂ કરાવવું, પાપીઓને શિક્ષા. દેવડી અને હમીરનો હસ્ત મેળાપ બાદશાહને હાથે. છેવટનો આનંદ.

મુખ્ય પાત્રોનાં નામ.

હમીર...	...નાગોરનો કુમાર
બેહરખાન	...તેનો મિત્ર
જેશાળ...	...હમીરનો હરામી ખવાસ
સામંતસિંહ ...	...શીરોહનો દેવડો રજપૂત રાજા
રાણી	...તેની સ્ત્રી
ઉમાદેવડી	...તેની પુત્રી હમીરની સ્ત્રી
ચંબેલી	...તેની સાહેલી
ભીખી	...શીરોહની ધનાઢય નાયકા
દેલીઓ	...સદાચારી બ્રાહ્મણ
જેકોર	...તેની કમજાત સ્ત્રી
શાવલો	...તેનો છોકરો
મહન્ત	...મઠનો મુખ્ય સાધુ

બાદશાહ, વજીર, ઉમરાવો વિગેરે વિગેરે.

श्री परमात्मने नमः

श्री नवीन भीमा देवडी नाटकनां

गायनो.

मंगलाचरण.

सुत्रधार—शान्तिजीन स्तवनथी शान्ति व्यापो सदा
भ्रान्ति त्यागी विरागी भजु सर्वथा—रसिली
मागत दीन दयाळु रसना—रसिली
गद्य पद्ये नाटय अघे सिंच नवरस रेल
नव खेल बने भव फंद टळे
मूरख बने ज्ञानी आ........—शान्ति०

[पडदामां] अहा लडंकुं ओ पगमां, आ ओ मगमां.....

नटीओ—भरपूर शूरवीरना गांधर्व गाये गान;
समशेरीआ रणधीरने गणे देव कुंवर कहान;
जय जय [२] जय जय टेकी गुणवान
धन्य धन्य [२] धन्य धन्य शूरा भाग्यवान—भर०
शूरातन साचेरे, ऋषि मुनि राचेरे
पराक्रमी काम धेनुनां समान
सदा प्रभु पेठे पामे सनमान—जय जय०—

૧

હમીર—આહા લઉંછું એ પળમાં આ એ પળમાં [૨]
એ છટક્યું છટક્યું અજબ ગજબછે નિપુણ હરણ એ
છળબળમાં
ધડખડ ધડખડ દોડે જાણે બીક દબાવી પૂંછડીએ,
વળી વળી ફરી ફરી પાછું જોતું ફાટી આંખે ઘડીઘડીએ
ગયુ રે—ગયુરે—ગયું રે—ગયું—એ પળમાં—

હમીર -- ૨

જોડી વિણ જનમ વૃથા જગ જાણું;
પુષ્પ જેમ સુગંધી વિણુ પરમાણુ.—
ચપળ કમળદળ નયન બન્યાં પણ નહિં કીકીની તાણુ,
સુંદર ચંદ્રવદન પણ અંદર નહિં નાક નિશાન–તેમ પિછાણુ
વિકટ વાટ સંસાર તણી ત્યાં સુખનો એક વિશ્રામરે,
બન જંગલમાં મંગળ રૂપે જોડી છે જગ ધામરે;
દે, તું દયાનિધિ દયા કરીને, જુગ્તિ જોડીનુન દાન(૨)
સકળ સુખ ખાણુ—જોડી૦—

૩

બને જે પ્રેમથી મસ્તાન–બન્યો તે દેવનો દિવાન;
સદા રસરંગમાં ગુલતાન–ભૂલે દુનિઆનું પળમાં ભાન—
હજારો બલે સીતમ ગૂજરે, નહે તલબાર દિલમાં ડરે,
સદા પ્રેમે જીવે કે મરે, પીએનો એક પ્રીતિ રસ પાન—
રહે સેંકડો વરસ ભૂખે, સહે જુલમ તરસ દુઃખે
તથાપિ તે તજે નહિં ટેક, ધરે દિલદારનું એક ધ્યાન–

૪

રસીલી દિલદાર, મને કયાં મળનાર,
થયું આકુળ વ્યાકુળ ચિત્ત અપાર:
જરી પ્રેમ ભગતપર દયા કરી દેરી દેજે દર્શન દેદાર—
મન મોહિનિ મેં તારીક પુરાણ,
શુણી આણ્યુ છે તન માંહિ તુજ જ્ઞાન
રસ ગ્રંથ પંથ ઉપદેશ શુણાતી, તારણી દે તું સિદ્ધિાન
રસ પાન પ્રકરણે ઠાકર પણ
ઠકુરાઇ તજી ચાકર રેહેત
રમતું જમતું મુંકયું તેવે, છે સિદ્ધિ પદમણી પદ સેવ્યે—

જેકોર—શવલો— ૫

હગ્માન ઘરમાંહિ હડીઓ કરે ત્યાંતો,
કેવી રીતે બેટા બાઉ બને;
ઘંટીના ગાળાને બંટીના પાકા ત્યાં
ખીરને ખાડનું કહે તું મને;—
મારેતો માડી નહિં બસ બાઉ
ખાઉંતો બાઉજ બાઉજ ખાઉં
જા જા પીટયા હુંતો કયાં લેવા જાઉં—હ૨૦—
માડી મને બાઉ, ઉંહું મને બાઉ
કાળા મ્હોના કયમ કાળજુ ખાઉ—હ૨૦—
માડી મને બાઉં, હંહં મને બાઉ. જાને તું સાત બસ
બાઉ બાઉ બાઉ—

ટેશીઓ-જેકોર-શવલો— ૬

નશીબ ખુલતાં આજરે બધી દુનીઆ બદલનાર

દુનીઆ બદલનાર, ખલક ખુલનાર—નશીબ૦

અમન ચમનમાં રમણુ કરીશું-ભવની ભીડ જાનાર—

હું મહારાજા તું મહારાણી-બન્ને પધારો થાનાર—

સોનાનાં ઝાંઝરને સોનાનાં ઝુમણાં-હૈયે હીરાના હાર—

મારે તો સોનાનાં સાંકળાંને વીટીઓ

હોવે હીરાના હર અને પૂગ.ઓ

લેજો લુટી ખા ાર—

હરામી બાપડી હરામી દીકરા, આવ્યાછો ખાવા

ખાજો હ્યા દ્દીકરાં;

જાણે છે પીટયા ન ફકરા ઝાંમરા, પૈસાની બાપડી

ને પૈસાના દીકરા—

ઉમા દેવડી— ૭

હાંહાંરે સખી, જોજોરે સખી, અંતર માંહિ કંઇકંઇ થાયછે આ

બાગ બગીચા મને ચેન નહિં રૂચે,

આભૂષણુ પણુ અંતર ખુંચે,

કોણુ જાણે સખી એકદમ શું થયું

જગત બધુંજ જાણે ઉલટુંજ થઇ ગયું—હાં૦

ઉમાદે—સાહેલીઓ— ૮ (ગરબો)

રૂડી રઢીઆળી રાત, ચાલોને રમવા ચતુરા ચોકમાં

લાગે રદય રળીઆત, આનંદ હ્હેકે છે ત્રણુ લોકમાં

મ્હાલે મદન જોબન વનમ—હાંરે૦

લાગી તાલાવેલી તનમાં

ઓય ચાલો ચોકમાં—રૂડી૦

જુએ ચકોરી ગાભરી ચંદ્ર ઉદયનો બાટ
વીરહે વ્યાકુળ વલ્લભા વ્હાલાની જુએ વાટ
રતી રસ રમણીઓ બની રંગ રાતી
નણદીના વીરા વિના છાતી ભરાતી
જેને વીતી જગતમાં તે પર પીડા જાણું.
સાકરના શોખીનને ભૂખ્યાનું નહીં ભાન
શીદ સતાવોરે સલુણા સુંદર શીદ સતાવોરે
પ્યાલો ધરીને પાસે વ્હાલા ટળવળાવેરે
લાજ ન આવેરે ઠગારા ચંદર લાજ ન આવેરે
નારી નીસાસાનો સાગર નાહક ખળભળાવોરે
આશા સાગરમાં મુક્યું શ્યામ સમાગમ ન્હાવ
પાર પલકમાં પ્હોંચવા દીનાનાથ દે દાવ.
જુએ વ્હાલાની વાટ, બાળાઓ બેઠી ઘરના ગોખમાં
આવ્યા પીયુ પ્રભાત, ઝાંઝર ઝણુણુ ઝગક્યાં ચોકમાં—

ઉમાદે— ૯

આહા હૃદયે વસેલા વ્હાલા રસીલા રંગીલા
સખી—મુકો ભરડા આ ભામા જાજો ઠાલા આ ચાળાળા
ઉમાદે—કાગળનું કોરીને પેઠી મૂરતિ મનહર
સખી—પ્રેમને લાગે સિદ્ધિની સૂરતી સુંદર
ઉમાદે—શ્યામ સલુણા એ મનહરનું મુખનો ચંદર
સખી—પુંછડું પુંઠે લટકાવો તો જાણે બંદર
ઉમાદે—અરે વારે વારૂ વારૂ
સખી—અરે જારે જાજા
ઉમાદે—ન [illegible]

સખી—ઓય ઓય જોને.———આહા૦—

૧૦

ઉમાદે—અરે આવો આવો દોડો દોડો કોઇ મને બચાવોને હાય
પાપીઓ આ પુઠે પડયો જીવ મારો ઉડી ઉડી જાય
સખીઓ—ધીરી ધીરી શાંણી સખી ગુણવંતી કેમ ગભરાય
ઉમાદે—અરે ઓહાય, અરે ઓહાય, અરેહા......
સખી—બાળા બાવરી, બનીશું આમ બાળા બાવરી—
હમીર—ગભરાઓ ગોરી શાને જુઓ એ આ પીડા ગઇ
સખી—રાજવી તમારા બળે બીચારી આ બચી ગઇ
રીંછને સપાટે ભાગી ઝપાટે ભાવટ ગઇ
હમીર—શાણી બદલો શું દેશો, વાણીમાંજ હરો જશો
સખીઓ—રાણી થઇ માણી રેહેશો.
ઉમાદે—એવું બસન બકે જશો;
સખીઓ—(જુઓ જોયું વાહ શાબાશ)
ઉમાદે—અલી ચબાવલી ચાલી જાને મન માર ખાવાનું શું થાય.
સખી—અરે ઓય ઓય જોજો જોજો બદલો આ અજબ વળાય

૧૧

હમીર—જો જરી રસીલી જોને, જો જરી છબીલી જોને
જોબન મદમાતી જોને, જોજો જોને તું પ્રીય પ્રાણુ જોને
નહીં હઠીલી બહુ હઠ સારી જોજો જોને તું પ્રીય પ્રાણુપ્યારી
પ્રેમને કુવે ઉતારી પ્યારી વર્ત વાહલા
બોલને રસીલી બાળા, બોલને છબીલી બાળા
તું બોલ બોલરે વચન રસાળા
સાંભળી આ કાલાવાલા —જો—

નેપથ્ય— ૧૨

કમળ ભ્રમર ખટપટ તજો, આવી પડશે રાત;
મનની મનમાં રહી જશે, ધંઠી જાશે વાત.

હમાર—ચતુર ચતુરા પેલી ચાંદની જો
ઉમાદે—રંગીલા રસીલા રસમાં રમીએ
રમણીક સ્થળ શરીર વાયુ જળ
હમીર—કિરણો નિર્મળ ખીલવે કમળ.
પરાણે જાણે ઘુંઘટ પટ ખોલે પ્રીતમજો—
ઉમાદે—કેવો પ્રાણનાથ, લુચ્ચો નીચા નાથ
હજારો સંગાથ, ઉભો ભીડે બાથ
હમીર—પ્રિયા તું કમળ એક મારે તો—

નેપથ્ય— ૧૩

તારા ન્યારા થઈ જજો, અવે નભગણ નાથ;
તેજ સાચું તમમાં હશે, મેળવશે જગનાથ.

ઉમાદે—છોડો છેડો છબીલા જાઓ હઠો હઠીલા
મારી લુંટાશે નવ લખ લાજ
છબીલા મારી લુંટાશે નવ લખ લાજ
તમે મોટા પુરૂષ મહારાજ
પાણી પ્હેલાં બાંધી લ્યોને પાજ—મારી૦
હમીર—વાહ્‌વાહ્‌ વચન રસીલા તારા નયન રંગીલા
ગોરી ગાળે ગરવને ગુમાન.
રસીલી પ્યારી ગાળેગરવને ગુમાન
લાગે જેને પ્રીતિનુજ તાન
ગણે નાના મોટા સૌ સમાન, ગોરી ગાળે૦—
ઉમાદે—કથન કથે જગમાં બધા

વિરલા પાલણુ હાર
પ્રીત ભગત ભામા સદા
વચન નીભાવણુહાર
હમીર—મુકો મુકો માનુની ગુમાન
ઉમાદે—શાણુા દાસી છું તારી સુજાણુ
હમીર—ચાલો ચાલો ચતુર પ્રીય પ્રાણુ—

૧૪

ભીખી—નથી જગતમાં સાથ સબંધી વિના ત્રીભુવન નાથ
શું ફોગટ ફાં ફાં મારે મુરખડા ભરે આભથી બાથ
કમળપત્રપર જળ બીંદુને સુકાતાં શીવાર
આવણુની જળ ભરી વાદળીયો વીખરાતાં શીવાર
જીવતર સમજવું તેવું— આખર ન લેવુ દેવું
જીવ જવું છે ખાલી હાથ અંતમાં પાપ પુન્ય સંગાથ
પંથી જીવ પામી ગયો, નરભવ નગર બજાર
સોદાગર સમજી જઇ કરો પુન્ય વેપાર
જીવ જવું છે ખાલી હાથ—૦

પુજારી— ૧૫

તારી નીંદતો ગઇ તારૂ જીવતર ઝોલા ખાય હો હંસા—
જોબન જાશે જરૂર ઉડે જેમ કપુર
ભગવતને ભજ ભાવથી
શું હંસા ચાટે ધુળ
બોત ગઇ થોડી રહી ચેતન કાંઇ ચેત
કાળ ઉંદરડો કાતરે, તારૂ ઉતમ આયુષ ક્ષેત્ર

ભીખી— ૧૬

અલબેલે પેસે નયન કટારી સખી મારી આરપાર
લટકાળો ચિતહર ચાલ્યો કરતો લટક લટક લલકાર

સખીયો—ભ.બો ભગતાણી થઇ શા આ વેણુ
ભીખી—જાઓને લાવોને કોઇ લલિતલાલ, સખી લલિતલાલ—
સખી—મહાદેવ ભજન ભુલાવે કામદેવ.
ભીખી—ડાહ્યાં ડાહ્યાં વાતે વાતે તજો એ કુટેવ
સખી—ધોઇ નાખ્યાં પલકમાં ધરમને નેમ
ભીખી—હાહા ધોયાં ધોયાં તેમાં તમારે છે કેમ
દાસી—સમજ તું
ભીખી—સમજુ છું, તું ઝટપટ જાને, સખી ઝટપટ જાને—અલ૦

૧૭

ભીખી—સરસમાં સરસ સાર સંસારે શું છે

મનની લગનમાં મગન રેવું એ છે—
બન બો બગીચો આ જોબન જગતમાં
નહિ ફુલ ફુલો ના વિના શોભશે એ—સરસ૦
ગાઢું પ્રેમ વાયુના લહેરો ચડે છે
ભલા ભણકારાની મઝ. તેની લે છે—સરસ૦
જુની ભાન ફુલ ફુલ પુંઠે મન ભમે છે
લગન લાગી તે લાગી નહિં તે છુટે છે

૧૮

દાસી—જાઓ ફતેહ કરો સરદાર, રસીલા જેવા તેવીજ છે દિલદાર

જેમ સાકરમાં દુધ ભળનાર, રસીલા તેવી જોડી અજબ બનનાર

જેશળ--કહો ગાઇ કંઇ છે રૂપમાં કમીના

દાશી—સાચે મદન અવતાર દીસે વાહ
અરે વાહ વાહરે વાહ (૨)
અજબ બની આ નયન કટારી
લટક ચટક ચાલ ઘાયલ કરે છે લાલ
અરે લટકાળા લાલ (૨)

ઉમાદે અને સખીઓ— ૧૯

ઓ વ્હાલી આલી આવી ઘેલી નથા
તુ પળભર ધીરજ પ્યાલો પીલેને પા—ઓ વ્હાલી૦—
સમજીને સ્યાંણી તુ માની લેની—ઘેલી ——
દુઃખ સુખ મનમાં ન માનીએરે
જગદીશ લીલા જાણીએરે
ખસ જાશે ખારા પાણીએ-

જેશળ અને ઉમાદે— ૨૦

દુરરે દુરાચારી દીવાના તું દુર
ધુતારા આંખોમાં નાખે ધોળે દા'ડે તું ધુળ
લટપટ ખટપટ હવે રેવાદે, જો હદીલો હઠ હવે જવા દે-
જાને કાળા મોંના ઝટપટ દુર થા
કાળ ભટકે છે શીરપર ક્રૂર —— દુર—
રીસકા છણકામાં કયાં પેઠાં, ગંગાજી આવ્યાં ઘર બેઠાં
હકશુ વચનન બોલશો એઠાં
હું-હું-હું-રે —— ૨૧

આશાજી—હાય હાય હાય હીરા જાય મારા
રોમે રોમે ઉઠે લાય—હાય—૦

ભીખી—આપ આપ પરમીનેજ પેરે ધર્મ કરતા ધાડ દેસી પા॰
બ્રાહ્મણ—પાપની નહીં છાપ કદી એ નર્કમાંહિં છૂટસે
ભીખી— ધુતે આ ઢોંગીની સાથે કોણ માથું કુટશે
બ્રાહ્મણ—રે શંખણી હઉ શ્રાપ (૨)
ભીખી— વાટેથી વળગ્યુ પાપ
બ્રાહ્મણ— ધુતારી મારે ધાપ— હાય૦ ——

ભીખી તથા દાશી ૨૨

મા૨ કર્યુંના ડાલી મોરે રસીયા—હાંરે મોરે રસીયા
હાંરે મોરે સૈંયા
બરછીકા મારા કોઇદમ જીવે
ઘાયલ કયુન કરડાલી મોરે રસીયા ——
અયે સનમઓ સંગ દીલ કુછ ખોફ કર અલ્લા કહા
સો કીયે મેને સવાલ એકભી જવાબ તેરા નહીં
અયે સબા કહે દેના મેરે ગયે રતે ગુલઝારસેં
આજ તક હમે કીસ લીયે પોશીદા અપને યારસેં—

ભીખી અને દાસી ૨૩

અજી લાગીતો મોરી જાન નેન કટારીરે—
છુરી ન મારી કટારી ન મારી, નમારી બરછી તલવાર—
લોહુકા નહીં બુંદ નિકસા
તનક નેના નાહિં લાલ
કીસ તનાસેં કરદીયા યારો કલેજા પાર પાર
દુસ્મન નાહિં બેરી નાહિં, માર ન વાલા દિલદાર—
પાવસે નહિં દિવયે બીછડાં' મીલ ગયા હમે યાર યાર

ઝુહીં મોલા કર હઝીમી કરદે બેડા પારપાર
કોઇ બતાવે, કોઇ બીલાવે
સૈયાં ગુંથે ગુલઝાર—

ભીખી અને દાસી- ૨૪

થઇ ઘાયલ સરદાર મન મોહનના ચપળ નયનથી
રે નયનથી વચનથી તનથીરે—
જોઇ પ્યારીનો પ્યાર, રાખે નહીં દરકાર
ગણું તેને ગમાર—દુર રહીએ તેવા દુરજનથી—
પ્યાર પૃથ્વીનો સાર સાચું અમન સંસાર
ચાખો લ્હેજત લગાર—બેડો તમારો પાર પુરા પ્રેમીજનથી

હમીર અને બ્હેવરખાં— ૨૫

બેવર—દોસ્તદાર વફાદાર એકવાર થઇ ફરનાર
ચંડાળ એ ગમારને ધિક્કાર

હમીર—બકનાર તો અપાર ભાગ્યા મોંઢે વફાદાર
શીઆળને તો સો સો વાર ધિક્કાર

બેવર—ચકમકને લોઢાની સંગત સો વરશે પણ તૈઆર

હમીર—પરી ફેલ કહેવુ સેલ રાખી મનમાંહિ મેલ
કેરો મેલ રાખે કપટી નાહાર

બે૦—જળ કમળ તણો છે સ્નેહ ખરો જળ સુકે સુકાનાર
મ્હેરબાન કાચાકાન રાખી જુવો તમે ભાન

હમીર—જારેજા નાદાન

૨૬

ઉમાદેવડી—અજબ જમાનો નવીન નજરમાં આજ કાલ ચઢતો
સસલાને કીચડમાં દાબી હાથી કચ્ચડતો

ક્રોડ પતિ કંગાળ કરી માયણુ ઓળવતો
દરબારે દોરી વમ સગથી જાડ બહુરે નકતો
ખુશામતે દાએ છે જો જો હજારીઓ ગોટા
ધરમીને ઘેર ધાડ અને વાગે પાપી સોટા —
સાચ કસ્તુરી વાસ સમજનારાનો છે તોટો——
અન્યાયી ગાદી તણીએ લે ન્યાયી દોરી લોટા ——

૨૭

ભીખી—મધુર ગુલાબ જોઇ દિલ બન્યુ નહિ જે દીવાનુ
ખરે ખરૂ રંગીલુ તેઃ દિલ નહિં એ દિલ્લ કહેવાનું
હમીર—રસીલુ દીલતો દિવાની રઝળતું નહિં રહેવાનું
સિંહણનુ બાળ મ્હેલનુ કાગડીનુ નહિ સહેવાનું
ભીખી—નજરથી ન્યાળી તને હુ પ્રિતિના ફંદે ફસી
મધુરી મોહિની મુરત રસીલી મનમાં વસી
હમીર—બની વેશ્યા જે તેને પ્રેમનુ શું કામ કહો,
પ્રીતિના નામને નાહક ભભીખાઇ ના વગોવો
ભીખી—લ્હેરી લાલા જરી કાલાવાલા પર ધ્યાન ધરો
જગત લલચાવા તમે હોકડાજી કેમ ફરો
હમીર—પાકેલી આંબલી ભાળી કોઇના દાંત ખટાય
કહોને કાકી તેમાં આંબલીનો વાંક ગણાય
જુઓ એક આબરૂને પ્રેમ મળે નહી પરાણે
મળે નહી રેતીમાંથી અર્ક લાખવાર તાણે—
ભીખી—ઉભી હાજર હજુર ફરમાવીએ ગુલામગીરી
સ્વીકારો સુંદરીની શામળા મેમાનગીરી—

ભીખી— ૨૮

જાશોઓ હઠીલા રાજા રાત્રણનો નથી રહ્યો અભિમાન
હમીર—સત્ય સહાયક, શ્રી જગનાયક, લોપકનું રાખે માન
ભીખી—અણુજની ભુજતો જગમાંહી કરતો નથી ફિરનાર
હમીર—અણુજ પુરો તે નર જાણજે બ્હાલો જેને વ્યભિચાર
ભીખી—જાણે કોકીલ આંબાની ડાળ
હમીર—તું તો કુટીલા કંટક જાળ
ભીખી—કાગડો ન કોઇ કાળ જાણે કલ્પ ડાળ
હમીર—બાવરીએ ભેદ ભાળવામાં તુ છું બાળ
ભીખી—સમજે
હમીર—અરેજા હડ ધુત દુર થા———

સઘળા— ૨૯

કરણી તો જેવી કીધેલી હશે દશા તેની થશે
કાંટાનો વાવનાર નહિં ગુલાબ પામશે
વિશ્વમાં પુન્યે સુખી પાપે દુઃખી પ્રભુજી રાખશે
જગતમાં નીતિની નેક હીરાની રેખ ઝગક જાગશે—
સાચને નવ આંચરે, કદી લગાર લાગનાર
ન્યાયને નીતિનુ રત્ન છે સદા પ્રકાશનાર
અધર્મીને અન્યાયી ધન ચંદણું છે દીનચાર
માનો યા ના માનો તોય ન્યાયનો વિજય થનાર
વિજય વિજય વિજય—

અંક બીજો

મહંત અને સાધુઓ— ૩૦

મનને કહું છુ માયા મેલ પરવશ ઘુ શા માટે
જમડારે આવે જીવને રે લેવા
જીવને થઇ છે લે મેલ——
સગુરે કુટુંબી કોઇ નહીં સંગી
જીવને તો થાશે ઠેલાઠેલ
ઝાંઝવા કેરા જળનેરે બાઝે
ખોટા ખોટા ખેલે ખેલ——

મહંત— ૩૧

દુનીઆ કોઇને ખારો સાગર કોઇને મનસુખનોરત્નાગર
કોઇને નિત શીરોને સાકર કોઇને ન મળે સુકોભાખર
સદા ઉદાસી જંગલવાસી માર્યા માર્યા કંઇ ફરતા
નવ નવ રંગે, રંગે ચંગે, અતિ ઉછરંગે કંઇ રમતા—
કંઇ હડકાયા, કંઇ સંતોષ, કંઇ કુટીલને કંઇ નિરદોષી
ઉલટાં સુલટાં કરતી કુલટા રમણી પદમણી નજરેચઢતા—
હસતા રમતાને વળી રડતા કઇ લડતાને કઇ ચડભડતા
ચાતુર આતુર ચિંતાતુર વળી શોકાતુર નવ સમજાતા—

સામંત સીંહ—— ૩૨

ગરજે ગગન ગંભીર ઘન મંડળ
ધ્રુજે ધરા જેમ રણમાંહિ બંઢળ
કડકે વિજળીઓ આહાહા કડાકડ
ચો મેર મચી ધરતીમાં ધડાધડ

કુત્રી સુત્રી ભુમિ આસે
નારી નાસે દૈત્ય ત્રાસે
હૃદય હાય ભાય સાસે
ખળ ભળ્યાં શશી સુરજ મંડળ —
શેષ ડોલ્યા સમુદ્ર ઉછળ્યા
નાડી નાડી રૂધીર કકળ્યાં
શરીર પરનાં રોમ ઉત્રટયાં
રાક્ષસી આ મેત્ર મંડળ—

ઉમાદે— ૩૩

નહીં કોઇને દીલ એનો દયએ કદાપી
રે દીલતો છે કીડો જગત ઝાઝુ પાપી
કીડાની પીડાશું કહો પાપીયાને
રમાડી પલકમાં પછી દે છે નાખી —
કરી ભાગ દીલના થતાં ચાલતાં રે
કહો સાંત્વા દીલ દીડી કોઇ લાંપી —
વીતી હોય જેને વીગત તેહ જાણે
પુરૂં આ સગે સોસવુ દીલ આપી ——

સખીઓ તથા ઉમાદે ૩૪

ચાલ વેગી ચાલ જા જીતી તુ મદન જંગ
નહીં ઘેલી કુલ્ય રાખ્યો તેં જાણે રણ રંગ
નફટ હદૂને તો વચમાં બોલાવે કોણ —
પ્રેમ નદીનું પુરતો જાણું જાસમજોર
લોક લાજ કોઠા તણા કટકા કરે કરેડ

પ્રેમીનું ચિત કોઇ પ્રેમીજ જાણે
વંધ્યા પ્રસુતીની ન પીડા પિછાણે
ઓ તારી રતીરસ નિપુણતા રંગ——
પ્રેમ નગર પ્રીતમ વસે વાટ વિષમછે વીર
ડમડમ જવાળા નીકળે સાસ સાસમાં તીર
સુજાણુ પ્રેમીને સખી ગાંડાજ ગણતા
ભમર ભલે શીર ડુંગર પટકતા
કોઇ કાળ પામે મિઠો પુષ્પનો પરાગ—

૩૫

મહંત—મેં ભૂલ ખરેખર કીધી બાજી રમ્યો છું ઉંધી
મનહર મેં દીલભર મૂકી નાહક ઝોળી ઝાલી ઔંધી.
જંગલમાં મંગળ માણી, જોબન મઝા નવ જાણી
સલુણી સંગતની રંગત ત્યાગી આફત લીધી તાણી
બસ હાલને હાલ પામુ પ્રમદા પ્રેમાળ
ભાવેથી ભામિની ભગવતીનુ ભજન ત્રિકાળ
સેવાને પુજાનુ ફળ રમણીક રમણી રસાળ

વારાંગના— ૩૬

શ્રી કમળા પતિ મળે-મળે રે
નરભવ ભયહર જગજન જયકર
સુખકર દુઃખહર મુરલી ધર પ્રભુ——શ્રી—૦
જગદાનંદન ભવ ભય ભંજન
પરમ ઉદાર, ત્રિભૂવનાધાર, નીરગુણ નીરાકાર
જગપતિ દરશન તરશે તન મન
ત્રિગુણ વિરામ જગ વિશ્રામ,

સુખ કર શ્યામ—મળે——

૩૭

દરબારી—સાહસ ન કરીયે સ્વામી
નીતિમાં પડશે ખામી
દુનિયા નથી દીવાનીં
જોશે તે કરશે જાણુ
શું દાગ કંઠે માળા
સામંત સીંહ—ચુપ ચાલશે નહીં ચાળા
દરબા—કરશો આ મોંઢાં કાળા
સામંત—ના બોલશો નાદાન——સાહસ૦
મહંત—વચન નિભાવા વાળા નરની છે બોલ બાલા
દરબા—ગસ લ્હેરી લંપટ લાલા
જા જોગટા સંભાળ——

૩૮

ઉમાદે—અરે કોઇ હાય મીલાવોને સલુણા શામળાથી મને,
દુખીનો કોઇ દયાતો ખાઓ, રઝળતી રાખશો ના રણે—
રસિકના જાપથી થાકી સુતી તો સ્વપ્નમાં ભેટયા
ઉઠી તો નાથ ના દેખુ હવે મળશે કયે દીન એ—
આંખ્યોથી આંસુ પણ ખુટયાં વિરહના દીનના વીત્યા
નિસાસાને નિરાશાની નિશાથી ના નિશા વીતે
બહું સમજાવું મનને હાય પીટયું એતો સમજતુ નથી
હવે તો તુંજ જીવડા જઇ સંદેશો શ્યામને કેજે—

ઉમાદે—   ૩૯

કદી કાગળની કરી કોથળી ભરી પાણીથી જરીવાર નથી
તે ખરે ટકનાર, પાણીને કાગળ પણ જનાર
પવનને બાંધીને લોખંડની કોઠી પુર્યો રહેનાર નથીરે
તે જરૂર જાનાર, જગતમાં છે બધે ફરનાર—
અલગરત જબરજસ્ત ભલે મલ્લ મળે લાખ નહિં દિલ્લ
રોકનાર
પ્રેમીનું બાહુબળ અપાર, નહિ તલવાર, કે કટાર તોપ માર
પલકવાર રે લગાર રોકનાર, ભલે તાત જુમગાર——

ઉમાદે—   ૪૦

સાચને ને જુઠને નથીરે જમાનાની અસર
માટી માંહિ મેળવો પણ હીરો તે હીરો આખર
પાપીઓ દેખે ભલેરે ચોઘડીની ચાંદણી
ઝાકળના મોતીની થાશે માળા માંહિ બાંધણી
ઝાકળ તે ઝાકળ આખર—
કાંદો વાવી કસ્તુરીની વાસના નહિં પામીએ—
કાંદો તે કાંદોજ છેવટ કસ્તુરી નહિ થાવાએરે—
કાંદો તે કાંદોજ આખર—
દ્રૌપદીનાં ચીર પૂરયાં જાનકીને જાણતી છે
તે પરાત્પર શ્રી હરિહરને ફિકર મેં બધી બાળીરે
ઠાકર તે શેવકનો ચાકર—

ઉમાદે— ૪૧

કોઇ ફુલ લ્યોરે ફુલ—
ફુલ સાટે દિલ છે દૂલરે—
ચંપો ચંબેલી મોગરો ડોલર હજારી દાવદી
ગુલાબને ગુલબાસ જાઇ જુઇ છે મન ભાવતી
ફુલ છાબમાં જગવાસના—
છે રંગમાં મધુરાં અને સુગંધમાં પણ નામીયાં
જોબન ભુવનમાં જુવતીના સંજોગમાં પણ જાણીતા
છે સ્વર્ગ સુખની ભાસના—

ઉમાદે—મહંત— ૪૨

નથી કામનો કળા કદાપી શાસ્ત્રે શીખાતી
ને વચનમાં વદાતી
ભણાવે નહિં કાજી કે પંડિત પુરાણી
એ કામની કહાણી
નજર કરીને નિરખી લેજો આ નયન દેદાર
ને મંદ હાસ્ય માર
રસિઆ વદનમાં વાંચી લેજો મદનનું પુરાણ
ને કામનું કુરાન (કાંઇ શીખ્યા—નારે)
કેરા કને સીતારના શું તાર છેડીએ, સંગીત રેડીએ
આંધા કને ફીનખાબને તે શું ઉકેલીએ
નિજ માન મેલીએ, [હવે સમજ્યા—નાના]

નાજુક નજર પુરાણુ શીખજો શિખજો પ્રમદા પાઠ
વળી વચન વેદ ઠાઠ
ગુણવંતી કોઇ ગોરીને ગુરૂ રાખજો સાક્ષાત
નહિંતો બારે વાટ—

મહંત— ૪૩

મોહયો મોહિની આ ગુલ બદનપર
ઉમાદે--વાહ વાહ (૨) રંગીલા રસીકવર
મહંત--મીઠી વાણી એ શાણી ને કારી નઝર—મોહયો—
ઓ તારાં નેણુ હા નચાવે છે નાજની
ઉમાદે—હાજર હજુર ઉભી એ મારા દિલભર
પ્રીતિ રસ પ્યાસી અલબેલાની છું ખાસ દાસી
મહુંત—વાહ વાહ અલબેલી નાર જોબંન મધમાતી—

૪૪

મહંત—જાજારે શું રીસાય રસીલી નજર મીલાવી લે
રસીલી નજર મીલાવી લે
ચટપટી ચિતમાં લાગી ચતુરા ચ્હેરો જોવાદે—
હીરા મોતી માગ મધુરી, ઝાંઝર ઝુમણા લે
મદન અગન તનમાં લાગેલી તરત બુઝાવી દે—
સમતા નથી રહેતીરે સલુણી મરમ વચન મુકી દે
કલ્પલતા છબીલી તુજ છાયે, પામર પંખીલે—

૪૫

મહંત—રસીલી રીસાતીના સલુણી સમજીજા
પ્રીતિરસ પ્યારી મારી પાપાપા
ઉમાદે—જાઓ જાઓ છેટે જાઓ મને શું સતાવો જાઓ

કુંવરીને જપે જાઓ જાઓ જાઓ જાઓ
નટ ખટ નરનું નામ મુકો જ્યાં ત્યાં પેસે જઇને જઇને
મહંત—તન મન ધન તું તારૂણી છું કહુછું ભગવતે સોગન લઇને
ઉમાદે—જાઓ જાઓ જાઓ લટપટ આંહું ન સુણાઓ
પંખી પેઠું બાગ શુભ સાધી લઇને લાગ અરે શુભ૦
વનમાળી મારે હાક પંખી કેવું હિણુ ભાગ્ય
અરે પંખીનું જો જો ભાગ્ય—

ઉમાદે— ૪૬

ધિક્ તે નર જે થુંકીને ગળતા,
છિટ્ છટેલા જે ઓકીને ગળતા
ધામ ધુમ નિત્ય કરતા આ આ—ધી૦
તજી સમતા સુધા વિષ વિષય ચાખ્યાં
અરે વારે વાહ (૩) ટાપટીપ તનાર કરતા—ધિ૦

મહંત— ૪૭

ઓ ગોરી ઓ ગુણવંતી તું માતા હું છોરૂ
તેં બુડતાને બચાવ્યો કાળા કામેથી—
હાય મદન છે જાળ તારી કાળી
હાય મદન તું મન વનનો માળી—
ઢંઢુ પાણી પણ કકળ્યું જ્યાં કામથી ડોળ્યું,
મન આ હરામી નીકળ્યું જપ તપ બધુ બોળ્યું
હુ બન્યો એ હાલ થયો વેરાગીનો ચંડાળ
માતા મારી હુ તારો બન્યો બાળ—
નહિ કામ છાંયે જાશો કોઇ કાળ—

૪૮

ભીખી—જરૂર રૂપ જગમાંહિ નાનું સરખુ રાજ,
કરોડોથી જે ના સધાયે રૂપે સ્હેજે કાજ,
અલ્લ બેલાનો અવતાર હું પુણ્યે પામી
જુઓ નખ શીખ સુધી કાંઇ રાખી નહિં ખામી—જ૦
ભલ ભલાના ભાન ભુલાવુ, લુટુ પળમાં લાજ;
જોબનના વનમાં ઝુલાવી, દીલા વાળું દાઝ;—જ૦
મધુર રૂપની મોહિની પણ, સુંદર સંગીત સાજ;
ઝાંઝરને ઝણકારે ઝમકી, નટવર નાચે નાચ;—જ૦

બેવરખાં— ૪૯

મનતો મારૂં મીણનો ગોળો, બદન તમારૂ આગ બન્યું
પીગળતાં કહો વાર કેટલી, પીગળ્યું તો પછી આ રી બન્યું
નથી વિરગી હું હીણુ ભાગી,
મન વશ કરવું નાહિં બન્યું,
નામના દેવું જયાં નહિં જાવું
દિલમાં ડહાપણુ એજ ગણ્યુ—
જોબનને એકાંત ન જોઇએ,
કામ ભૂવન એકાંત કહ્યું,—
આગ થકી તો અળગા સારા
ચિત્ત કદી ઠામે રહ્યું ન રહ્યું—

વજીર—ભીખી— ૫૦

જરા ધીમે ધીમે ને લટકે ચટકે
તમે આવો લાડીજી આવો

આહા ધીમે ધીમેને લટકે ચટકે
જુઓ આવ્યો બાડીજી આવ્યો
જરા હળવે હળવે પગ મુકો બાડીજી
તમે નખરેથી પગ મુકો
મોટાના ઘરના શું અમને સતાવો
ખાલી ડફાંસે નહિં ડરાવો
અરે વાહ વાહ વાહ વાહ વાહ વાહ—
જોજો કેવો મઝેદાર પ્યાર છે
આતો ધ્રશક બાજીનો સંસાર છે
બાવા બુઢા રસીલી નાર છેરે—તમે આવો૦

હમીર— ૫૧

જારેજા જારેજા અરે નીચ દુરાચારી નારી
લાખવાર કહું છું દૂરજા

ભીખી—અભિમાન તને બહુ છે મગજમાં
સમજજે કે તને રગદોળુ રજમાં

હમીર—અરે જારેજા, બકતી તુંના, ખાંડ બલેખા, ધુત દુરથા
રતન પથ્થરથી નહિંરે પછાડું
કાચંડીને સિંહ નખથી નચાડું

ભીખી—જા રે મુરખા, હીચુા હીજડા, ભોળુ હડધા, ધુત દુરથા.

૫૨

વજીર—આ હાહા હીરા કેવા અનોપમ
ભીખીનુ કેવુ ભાગ્ય—અહાહા મળી ગયો કેવો લાગ
હીરાએ સુંદર પહેરનારી પણુ ખુદ પરી અવતાર—
હંસણી પહેરશે હીરાની માળા, ભેટશે હસી ભરથાર;

પ્યારી મુખે પ્યાર પોકાર સુણી, જાણીશ બેડો પાર
શરીર જુદું થાય તેમાં શું, મનતો નિત્ય જવાન
અનુભવી રસ રંગત જાણે, માનુનીમાં મસ્તાન——

જોવરખાં અને હમીર— (૫૩)

મહોબત કરવી તો બસ એવી કે રાખી એકજ રંગ
ધિક્કાર હજો તે મહોબતને જેનો નહિ એક ઢંગ
તમે રાજાના મહારાજા છો હું તો ગરીબ લાચાર
દોસ્તી કરીને નિત નિભાવવા હું હરદમ છું તઇયાર—
ગુલાબ અને ગુવર શોભે કદી એક ક્યારે
સાથે ઉગેલાને સાહેબ શું મોટાતે મારે
ભલે રંક તવંગર અમીર ફકીર પણ દોસ્તી જે જાણે
પૈસાની દોસ્તી પર પૂળો પંડીત જન પીછાણે—
દોસ્તી કુન્દનની કસોટી તો શુકાઇ વિરલો છે કરનાર
વિષનો પ્યાલો અમ્રત માનીને સુખેથી પીનાર
કહેવું છે રહેલ કરવું મુશ્કેલ આ દુનીયાનો દેખાવ
દોસ્તી દેવી સેવા સારૂં નિત ભગવત આપે ભાવ

ભીખી— (૫૪)

અરે કેવા છે લંપટ લોક
જુવે ભાન શુદ્ધ શાનરે કેવા છે—
દોલત ઉડાડે, ઇજ્જત ડુબાડે
પરણી નારી ઘરમાં મુકે પોક—જુવે૦
પોતે ન ખાયે, પરને ખવાડે

હાય હાય કેવે બુરે શોખ—

દરબારીયો (૫૫)

યારબ મહશર તક હો દાયમ સરપે તુરાની શાહોકે તાજે શાહાના
શેહજાદા હમારા નેક અખતર રહે કાયમ મહેરમાં હમપે જાનાના
રોજ આજકા હોવે મુંબારક સબકો શાદી હુઇ હયે આજ નશીબ
અયે સાકી પીલા ખુશીકા હરદમ, મયે ગુલરૂંકા હમે પે એમાના
ક્યા પાયા દિન આયા શાદીકા આહાશુકેં ખુદા—શાહજાદા૦
મન રતન જતન પાયા હુઇ શાદ ઝાનીયા
શુક્ર તેરા કરૈ કિરદિ ગારે જહાં હમપે એસા કીયા
ચાંદસા બેટા ઇનાઅત કીયા
ગમ ખ્વારી, સુખ્યારી દિલદારી શરદારી ફ્ઝલો
કરમકી ઇનાયત કીયા—મન.
અય ખુદામેં દુવા સદા—હે કાદીરતું—નાહીરતું—સર
વર બરતર પરવરતું
હમસે ખતા—તુમસે અતા—હમ અબ્દ,તુ ગાખુદ, શુકેખુદા—

લોખો— (૫૬)

છોટી બાડીજીરો મજરો છંમ છંમ છંમ
બાજ રહ્યો છે હો અલબેલા—
વીંછીયો છંમ છંમ ઝાંઝર ઝંમ ઝંમ
મેળા ચઢે છે ધંમ ધંમ ધંમ—
રસિાસે રાજ સુખસેજરિયાપે
લાગ રહી છે રંગ ઝંમ છંમ—

વાંરાગના (૫૭)

કુંવર નેનારા લોભીરે.
છોડો સૈયારે જાઓજી છોડોરે મોરી બૈયાં—

મેં સોતીથી અપને પલંગપે કીંકરીયાં કીને મારારે
કીંકરીયાં કીને મારા કમરપે ઘાયલ હો ગઇરે—

અંક ૩ જો.

ઉસાદે તથા સાહેલીઓ— (૫૮)

રે ભરૂસો રાખીએ, સુખ દુઃખ સરખાં સાંખીએ
દીન જન બાંધવ દીન દયાળ,
નોધારાનો છે આધાર
સાહ્ય થાય વિશ્વરાય પાયે બા બાળીયે
ચિત્તમાં લાગી ચટપટી, નિરખું સુંદર શ્યામ
હું ભુલી સાહેલીઓ, ખાનપાન વિશ્રામ—હુ—
ન્યારો છે સહુ પંથથી, પ્રેમ પંથ અભિરામ
જપ તપની ખટપટ વિના મન વાંછિત મળે ધામ—

ઉસાદે— (૫૯)

થર થર કર ધ્રુજે લેખિની હાથ લેતાં
દડ દડ જળ વ્હેતાં નાથનું નામ દેતાં
સખિ કર ધરિ કોરી પત્રિકા વાક્ય કહેતાં
વિરહ હૃદય વાસી પત્ર નહીં દે લખાવા

૬૦

થોડું લખ્યું ઝાઝું વાંચી લેજો—
દુઃખ તણો દરીયો હૃદયે ભર્યો
મ્હારા હાલ લખુ કેમ રીતેરે—લખ્યું૦
લેતાંરે લેખણુ કર ધ્રૂજે થરથર
આંખે આંસુડાં વ્હેતાંરે ઝરઝર

કામળ કોરો દેજો કરમાં

કહેજો મોટે સંદેશો ચતુરનર—બચ્ચું.

ઉમાદે અને સામંતસીંહ— (૬૧)

કીડી સાગર મળવાને જાય

શ્રી કમળા પતિ કરશે સહાય—

ચાકરડી જગ જીતવાને જાય

ઠાકરજીથી પીઠ થબડાય

વાલે જા—   બેટા જા—

સત્ય સહાયક છે જગરાય

સત્યનો સર્વ સમયજય થાય

નમ્રને વીનવું

જરા પિતાજી ફિકર ન કરશો

સદા નિરંજન સમરણ કરજો

આશિશ દેશે જગદીશ

ચાશે   વિજય   વિજય

૬૨

હમીર—સંસાર ઝેરનો પ્યાલો સમજીને

જગનાથ જીવડાનું ભજીલે

આહા ભજીલે——બાપ્ ભજીલે——

વિકરાળ કાળને ફાંસે ફસાતાં

ડહાપણ તારૂં નહિં રહે—ના ના નહિં રહે

સંસારને રૂડે રસોડે દેવતા દુઃખનો ભર્યો

પેઠો વિષય દુધ લાલચે તો મન બિલાડા ઠાર મુઓ.

સાચે ન સુખનો રોટલો, છે પાણી માંનો છાયડો,

કૂતરા ચુકે કરમમાં હાડકાનો હાવડો
નિઃસાર જગતમાં સુજાણુ સમજ નથી લગાર સાર—
ધાવણુની આશે અંગુઠો ધાવે બાળક ગમાર
કપટ ઝપટમાં ફોગટ ફસાતાં થશો નિરાશ
સુકૃત ગુફામાં જડે રતન જતનથી કરો તપાસ—સંસાર૦

હમીર— ૬૩

રસીલીનાં નેણુ સુધાકર વેણુી સાકર
નહિં મળે હવે હાય
નજીવા જીવતર સાથે વિના વખતે
જોબન રતન જાય
ચિતનો ઉજાસને ઉલ્લાસ આશ આજ જાય— રસીલી૦
પ્રેમ પાન એકવાર પામ્યો હોત હાય હાય
સહુણી સંગ રાગ રંગ માણ્યો હોત હાય હાય
સાસનો નહિં સોસકે અફસોસ તો જરાય—
ભીતર ભેદી પ્રેમ સુખ મુખથી કહ્યું ન જાય
મુંગે ખાધો ગોળ તે સ્વાદ હૃદય સમજાય,—

વજીર— ૬૪

કમળને ચંદ્ર મળતાં કમળ ખીલી જાય
સાગરને ચંદ્ર મળતાં સાગર ઉભરાય-
વસંત વન થાતાં લીલું હરિઆળુ થાય
જવાસો ઝેરી ભયે ઉભો ઉભો સુકાય—
પુરાણા પ્રેમી જોતાં હૃદયતો ખીંચાય
લોખંડ જેમ તરત ચકમક તરફ તણાય—
ગાજે છે મેઘ ગગનને મોર ભૂમિ માંહિ

તથાપિ તેની પ્રીતિ જરી ન પલટાય—

જારાંગના— ૬૫

સલોનારો કહીઓ સંદેસા લેજાય

હમ વિદેશી—તુમ વિદેશી—સલોના૦

જીયા ગભરાય

કહ્યો ન જાય રહ્યો ન જાય

જબલગ હંસા બસતા કાય

તબતક આવોજી મીલોજી આય—

પરૂં તોરે પાય

ભેજે તું જાય, પતિયા પહોચાય

ઉમડ ઘુમડ ઘન ગરજત જાય

તનક તનક તન ફટ ફટ જાય—સલોના૦

ભીખી— ૬૬

રસીઆ સલુણા નગૂણા નવ થાઓ

અરે જરા જરા પ્રીતિરસ પાઓ—

વ્હાલા તમે વ્હાલીને વિસરો, નાહકશું વ્હેમાઓ,

શાણા તમે સમજુ છો બસ, આવો સમજી જાઓ—

ઝાઝા નહિં રીસાઇએ

છેકજ નહિં છણકાઇએ

મોહન હવે મનાઇએ

હદમાં રહી હરખાઇએ—અરે આહાહાહા—

૬૭

ભીખી—સૈયા જાઓ જાઓ ના બોલુગી

દેખો તુમારી અનરીત-સૈયાં—
સોતન કે સંગ રેન જગે હો
દીલકી આંટી ન ખોલુંગી-
તાસું પ્રીત ન કીજીએ જાકી પરસેં પ્રીત
પ્રીતી મ્હેલે પ્રાનદે એહી પ્રીતકી રીત—

વજીર— ૬૮

વાહ્ વાહ્ નીલમ વાલી તારી સુરત
સુરત પર કુરબાન છે આ તન ધન—
ઝવેરના ઝાંઝર, પાનાની પુંચીઓ,
છબીલી ચાલે છનક છન—સુરત૦
ખાવાને શીરો પૂરી કચોરી
સેવામાં હાજર હું દીલભર—સુરત૦

બેવરખાં— ૬૯

મુસાફર સફર તારી ટુંકી
ભલા માણસ કંઇ કરી લે ભલાઇ—
જગતમાં મ્હોત મુકે ફુંકી
નથી કાંઇ એ માંહિ નવીન નવાઇ
હંસ પોતીકો, કાય પરાઇ;
મુંખે મુક મોટાઇ, સમજ રજ બાબમ બધીરે સફાઇ
ગનુષ્ય કસોટી, છે મિત્રાઇ
ચતુર ચિત્તની લાહી ગુણીજન ધર ઘરમાંહિ ગવાઇ—

ભીખી— ૭૦

સરદાર સલુણા સાંભળો, હારીહું ભગવત ભજનારી—

જગતના ત્રાતા ત્યાગીને
ચિત્તમાં નથી રહી કાંઇ આશા
સર્વ નિરખ્યા કર્મ તમાશા, કાયા છે. ફિરતાર પરવારી—

(૭૨)

વિજય છે વિજય જગમાંહી વિજય સદાનો
નીતિનો ન્યાયનો
ઉદય છે ઉદય જળસ્થળ સકળ ત્રિભુવને
સત્યના ભાણુનો
નિત્રોમ તોમ તનાના દેરેના તઠીયન તદાની
નાનાના તાનાના
ઠીમ ઠીમ તોમ તોમ તદારે તદાની—નિત્રોમ—
ભગવત ભજન છે જતન જગતમાં
વિજય સ વસી પ્રભુના ચરણ પાસ—વિજય૦
ધાકીટ ધુમકીટ ધિધિકીટ ધુમકીટ
કડાનધા કડાનધા કડાનધા—
વિજય વિજય— વિજય—

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ હોય ત્યાંથી અથવા અમદાવાદ તંત્રપદમાં ગ્રંથકર્તા પાસેથી મળશે. માટે જેઓ સાહેબોને જોઈતાં હોય તેણે રોકડી કિંમતથી મંગાવી લેવાં વેલ્યુંબલ મોકલવામાં આવશે નહિં. નારપેટ કાગળ રાખવામાં આવશે નહિ.

	રૂ. આ. પઈ.
શ્રી સંગીત લીલાવતી [આવૃત્તિ પાંચમી]	૦—૬—૦
પવિત્ર લીલાવતી (આવૃત્તિ ત્રીજી)	૦—૨—૦
રામ વિયોગ નાટકનાં ગાયનો (આવૃત્તિ ત્રીજી)	૦—૧—૦
ભોજરાજ નાટકનાં ગાયનો (આવૃત્તિ ત્રીજી) ...	૦—૨—૦
સુભદ્રા હરણ નાટકનાં ગાયનો	૦—૨—૦
વીર વિક્રમાદિત્ય નાટકનાં ગાયનો	૦—૨—૦
અશ્રુમતી નાટકનાં ગાયનો (આવૃત્તિ પાંચમી) ...	૦—૧—૦
કેશર કીશોર નાટકનાં ગાયનો	૦—૨—૦
મ્યુનીસીપાલ ઇલેક્શન નાટકનાં ગાયનો ...	૦—૨—૦
સતી સંયુક્તા નાટકનાં ગાયનો (આવૃત્તિ પાંચમી)	૦—૨—૦
સતી—પાર્વતી નાટકનાં ગાયનો	૦—૨—૦
સરદારબા નાટકનાં ગાયનો	૦—૨—૦

ઝવેરી ડાહ્યાભાઇ ધોળશાજી

શ્રી નાટક સમાજના સાહીક

ની પ્રસિદ્ધ કરનાર.

ઠે૦ અમદાવાદ ડોશીવાડાની પોળ.